ક્રમાંક : ક–૩/૧૭–૧૮/ ૨૨૮૭૮૭–૨૨૮૨૨૬
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, વડોદરા
મદદનીશ નિયામક રોજગાર કચેરી, વડોદરા
નં.મનર/વ્યમા/સં.સ/ ૨૨૮૭૮૭–૨૨૮૮૨૬
તા. 1/12/2017

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,
ગ્રાન્ટેડ અને નોન–ગ્રાન્ટેડ,
વડોદરા શહેર અને જિલ્લો.

<u>વિષય : ધો.૧૦ની બોર્ડની પરીક્ષાના શિક્ષક માર્ગદર્શન સેમિનારમાં હાજરી આપવા બાબત</u>

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, વડોદરા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, જિલ્લા રોજગાર કચેરી, વડોદરા તથા વડોદરા જિલ્લા કરિયર ગાઈડન્સ એસોશિયેશનના સંયુક્ત ઉપક્રમે તા.૧૬/૧૨/૨૦૧૭ના રોજ સવારે ૯:૩૦ કલાકે ગુજરાત રીફાઈનરી અંગ્રેજી માધ્યમિક શાળા, જવાહરનગર, ગોરવા–ઉંડેરા રોડ, વડોદરા ખાતે વડોદરા શહેર અને જિલ્લાની તમામ ગ્રાન્ટેડ અને નોન–ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓના ધો.૧૦ માં મુખ્ય વિષય ભણાવતા શિક્ષકો માટે બોર્ડની પરીક્ષાના માર્ગદર્શન અંગેનો એક ખાસ શૈક્ષણિક સેમિનાર યોજવામાં આવેલ છે. આ સેમિનારમાં ધો.૧૦માં મુખ્ય વિષય ભણાવતા એક શિક્ષકની પસંદગી આચાર્યશ્રીએ કરી તેઓને ફરજીયાત મોકલવાના રહેશે. દરેક શાળામાંથી એક શિક્ષકને આ સેમિનારમાં અચૂક હાજરી આપવાની રહેશે, જેની જવાબદારી શાળાના આચાર્યશ્રીની રહેશે. દરેક શાળામાંથી હાજર રહેનાર શિક્ષક પ્રતિનિધિના નામોની યાદી બોર્ડની કચેરીએ મોકલવામાં આવનાર છે, જેથી દરેક શાળામાંથી એક શિક્ષકને આ સેમિનારમાં અચૂક હાજરી આપવાની રહેશે. આ સેમિનારમાં ધો.૧૦ની બોર્ડની આગામી પરીક્ષાઓ અંગે તજજ્ઞો, બોર્ડના ઉચ્ચ અધિકારીઓ તથા બોર્ડ કાઉન્સીલરો ખાસ હાજર રહી બોર્ડની પરીક્ષાઓ સંબંધી નવા સુધારાઓ તથા બોર્ડની પરીક્ષામાં ઉર્તીણ થવા અને વધુ માર્ક મેળવવા વર્ગમાં વિદ્યાર્થીઓને કેવી રીતે પ્રોત્સાહિત કરી શકાય તે અંગે વિગતવાર માર્ગદર્શન આપનાર છે. આ સેમિનારમાં હાજર રહેનાર શિક્ષકે ડેલીગેટ ફીના રૂા.૧૫૦/– સેમિનારના સ્થળે આપવાના રહેશે, જે શાળાની ગ્રાન્ટને પાત્ર રહેશે. સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૨–૭–૧૯૯૯ના ઠરાવની પરિશિષ્ટ – ૨ આઈટમ નં.૩૫ અનુસાર આ અંગેનો ખર્ચ માન્ય કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે. નોન–ગ્રાન્ટેડ શાળાઓએ ફીની આવકમાંથી શિક્ષકોને ડેલીગેટ ફીની રકમ ચુકવવાની રહેશે.

રોજગાર અધિકારી (વ્યા.મા.)
વડોદરા

જિલ્લા શિક્ષણાધિકારી
વતી. વડોદરા

નકલ સવિનય રવાના :
૧. બી.એફ.રાઠોડ, પ્રમુખ, વડોદરા જિલ્લા કેરીયર ગાઈડન્સ એસોસિયેશન, વડોદરા, મો.૯૮૯૮૨૫૯૮૧૦.

ક્રમાંક : ક–૩/ ૨૨૯૨૨૭- ૨૨૯૫૦૬
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, વડોદરા
મદદનીશ નિયામક રોજગાર કચેરી, વડોદરા
નં.મનર/વ્યમા/સં.સ/ ૨૨૯૨૨૭- ૨૨૯૫૦૬
તા. 1/12/2017

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,
વડોદરા શહેર અને જિલ્લો

વિષય : ધો.૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ – વાલીઓ માટે નિઃશુલ્ક માર્ગદર્શન હેલ્પલાઈન અંગે

જય ભારત સહ ઉપરોક્ત વિષયના અનુસંધાનમાં ગ્રાન્ટેડ તથા નોન–ગ્રાન્ટેડ તમામ માધ્યમિક અને ઉ.મા.શાળાઓને જણાવવાનું કે, મદદનીશ નિયામક રોજગાર કચેરી, વડોદરા, જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, વડોદરા તથા વડોદરા જિલ્લા કરીયર ગાઈડન્સ એસોશિએશનના સંયુક્ત ઉપક્રમે ધો.૧૦ તથા ધો.૧૨ વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે બોર્ડની પરીક્ષાઓ અંગે તથા બોર્ડના પરીણામ બાદ કઈ લાઈનમાં પ્રવેશ મેળવવો તે અંગેનું કારકિર્દી માર્ગદર્શન આપવા માટે એક નિઃશુલ્ક હેલ્પ લાઈનનો પ્રારંભ કરવામાં આવેલ છે. વધુમાં વિદ્યાર્થીઓ બોર્ડના પરીણામમાં મેળવેલ ટકાના આધારે તેને સરકાર માન્ય કઈ યુનિવર્સિટી કે કોલેજમાં કયા ડીગ્રી કે ડીપ્લોમાં નો કોર્ષમાં પ્રવેશ મળી શકે તેમ છે? અને આ પ્રવેશ મેળવવા શું કરવું જોઈએ? તે અંગેની વિગતવાર માહીતી વિના મુલ્યે આ હેલ્પ લાઈનના તજજ્ઞો દ્વારા પુરી પાડવામાં આવનાર છે. આ હેલ્પલાઈનના તજજ્ઞોના નામ, સરનામા તથા ફોન નંબરની વિગતવાર માહીતી નીચે મુજબ છે. આ સેવાઓ સવારે ૧૦:૦૦ થી સાંજે ૫:૦૦ સુધી વિના મુલ્યે પુરી પાડવામાં આવશે.

| ક્રમ | તજજ્ઞોનો નામ–સરનામું | મોબાઈલ નં. |
|---|---|---|
| ૧ | શ્રી બી.એફ.રાઠોડ, પ્રમુખશ્રી, વડોદરા જિલ્લા કરીયર ગાઈડન્સ એસો. | 9898259810 |
| ૨ | પ્રિ. પરેશભાઈ શાહ, જય અંબે વિદ્યાલય, વી.આઈ.પી.રોડ, વડોદરા | 9173560432 |
| ૩ | પ્રિ. કમલભાઈ શાહ, સરદાર વિનય મંદીર, કારેલીબાગ, વડોદરા | 9913737451 |
| ૪ | પ્રિ. ભરતભાઈ પરમાર, એલમ્બીક વિદ્યાલય, ગોરવા રોડ, વડોદરા | 9879489335 |
| ૫ | પ્રિ. વિજયભાઈ શાહ, ટી.આર.પટેલ વિદ્યાલય, નિઝામપુરા, વડોદરા | 9624348989 |

રોજગાર અધિકારી (વ્યા.મા.)
વડોદરા

જિલ્લા શિક્ષણાધિકારી
વતી વડોદરા